# આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્રએ કોઠંબા વિભાગ ચોવીસ ગામ લેઉઆ પાટીદાર સમાજ વિકાસ પરિષદ ધ્વારા આયોજીત કૃષિ પાક શિબીરમાં ભાગ લીધો.

કોઠંબા વિભાગ ચોવીસ ગામ લેઉઆ પાર્ટીદાર સમાજ વિકાસ પરિષદ, તા.લુણાવાડા, જી.મહિસાગર વિસ્તારના ખેડુત મિત્રોના મોટા જન સમુદાયને ખેતી વિષયક આધુનિક માર્ગદર્શન મળી રહે, ખેડૂતની આવક બમણી થાય તેમજ આર્થિક અને સામાજીક સ્તર પણ ઉંચુ આવી શકે તેવા આશયથી  તા.૨૪/૦૫/૨૦૨૨ મંગળવારના રોજ નવા રાબડિયા, પ્રાથમિક શાળાના પટાંણગણમાં કૃષિ પાક શિબીરનું આયોજન કરવામાં આવ્યું હતું. આદિવાસી સંશોધન–વ–તાલીમ કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવગઢ બારીઆના વડા ર્ડા. ગિરીશભાઈ જે. પટેલ ધ્વારા કૃષિ પાક શિબીરમાં "સોયાબીનની વૈજ્ઞાનિક ખેતી પધ્ધતિ" વિશે વિસ્તૃતમાં ખેડૂતોને માર્ગદર્શન આપ્યું હતું. કેન્દ્ર ધ્વારા કૃષિ પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવેલ હતું. જે અંતર્ગત ર્ડા. હર્ષ કે. દેસાઈ, રીસર્ચ એસોસીએટ(વિસ્તરણ) અને ર્ડા. એકતા એચ.પંડયા, રીસર્ચ એસોસીએટ (હોમ સાયન્સ) તેમજ ટીમ ધ્વારા સોયાબીનની નવીન તજજ્ઞતાઓ તેમજ પોષણક્ષમ બનાવટો વિશે ચાર્ટ, નમૂના તેમજ પાકની માહિતી પૂસ્તિકા થકી ખેડૂતભાઈઓ તથા બહેનોને માહિતીગાર કર્યા હતા. આમ, આ પરિસંવાદમાં કુલ ૩૫૦ જેટલા ખેડૂતભાઈઓ તથા બહેનોને ભાગ લીધેલ હતો.









